# જાહેરાત

## કાયદા સલાહકારની એક જગ્યા ૧૧ માસ માટે કરાર આધારિત ભરવા બાબત

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી માટે કાયદા સલાહકારની સેવાઓ કરાર આધારિત ૧૧ માસ માટે ઉચ્ચક મહેનતાણાથી લેવાની હોવાથી આ જગ્યા પર આવવા માંગતા ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

જગ્યાનું નામ - કાયદા સલાહકાર, કુલ જગ્યા - ૦૧. ઉચ્ચક મહેનતાણું પ્રતિમાસ - રૂ.૬૦,૦૦૦/-

- જગ્યાની ઉમેદવારી માટેની મુળભૂત લાયકાત કાયદા સ્નાતક કે તે ઉપરની પદવી રહેશે.
- જગ્યા માટેની વિગતવાર લાયકાત, ઉંમર, અનુભવ તેમજ અન્ય વિગતો તથા નિયત અરજી ફોર્મ આ ખાતાની વેબસાઇટ sje.gujarat.gov.in/dscw પર ઉપલબ્ધ છે. જાહેરાત મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત નુમનામાં અરજી દિન-૧૫ માં ફક્ત આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટથી જ કરવાની રહેશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# જાહેરાત

કાયદા સલાહકારની એક જગ્યા ૧૧ માસ માટે કરાર આધારિત ભરવા બાબત.

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી માટે કાયદા સલાહકારની સેવાઓ કરાર બાધારિત ૧૧ માસ માટે ઉચ્ચક મહેનતાણાથી લેવાની હોવાથી આ જગ્યા પર આવવા માંગતા ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

જગ્યાનું નામ - કાયદા સલાહકાર, કુલ જગ્યા - ૦૧, ઉચ્ચક મહેનતાણું પતિમાસ – રૂ. ૬૦,૦૦૦/-
જગ્યાની ઉમેદવારી માટેની લાયકાત અને અનુભવ નીચે મુજબ છે.

વકીલ માટે -

૧. કાયદા સ્નાતક કે તેથી ઉપરની પદવી અને સનદ રજૂ કરવાની રહેશે

૨. ઉપલી વયમર્યાદા ૫૫ વર્ષ રહેશે. એટલે કે ૫૫ વર્ષ વય સુધીના ઉમેદવારો અરજી કરી શકશે.

૩. કોર્ટમાં વકીલાતની કામગીરીનો લઘુત્તમ ૫ વર્ષના અનુભવનો આધાર રજુ કરવાની રહેશે.

૪. અનુસૂચિત જાતિ પરના અત્યાચાર અંગેના કેસોનો અનુભવ ધરાવતા કાયદા નિષ્ણાત, સિવિલ કેસના કાયદા નિષ્ણાતને, સંજોગો અનુસાર અગ્રતા આપવામાં આવશે.

૫. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં એનરોલમેન્ટ હોવાનું પ્રમાણપત્ર કે આધાર વકીલ માટે જરૂરી રહેશે.

૬ ગુજરાતી અને અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ અનિવાર્ય રહેશે.

૭ અનુભવની બાબતમાં વિભાગ સંજોગો અનુસાર છુટછાટ પણ મુકી શકશે.

શરતો -

૧. અરજીપત્રક સાથે રૂ.૨૫૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ, હિસાબી અધિકારી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના નામનો મોકલવાનો રહેશે

૨. સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી તમામ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત બે નકલ સાથે જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૫ માં મળી જાય તે રીતે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના સરનામે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. (કોઇ પણ સંજોગોમાં અરજી રૂબરૂ સ્વીકારવામાં આવશે નહિં)

૩. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોનું મૌખિક ઇન્ટરવ્યુ અને ઉમેદવારની પસંદગી કરવાની તમામ સત્તાઓ વિભાગીય સમિતીને રહેશે.

૪. લાયક ઉમેદવાર ન મળવાના કિસ્સામાં આ પસંદગી પ્રક્રિયા બંધ કરવાની તેમજ ફરી જાહેરાત પ્રસિધ્ધ કરી કાર્યવાહી કરવાની વિભાગીય સમિતીને સત્તા રહેશે તેમજ સમિતિનો અબાધિત અધિકાર રહેશે.

૫. ઉમેદવારોને મૌખિક ઇન્ટરવ્યુ અંગેની જાણ ઇ-મેઇલ અને ટેલિફોનીક માધ્યમથી કરવામાં આવશે જેથી હાલમાં ચાલુ હોય તે ઇ-મેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબર આપવાના રહેશે.

૬. નિયત લાયકાત/પાત્રતા ન ધરાવતા ઉમેદવારોની અરજી આપોઆપ રદ્દ ગણાશે જેની જાણ કરવામાં આવશે નહીં..

## પસંદગી માટે મેરીટ યાદી તૈયાર કરવાની પધ્ધતિ

| ક્રમ | લાયકાત | ગુણનો ભાર |
|---|---|---|
| (૧) | કાયદા સ્નાતકની પદવીમાં મેળવેલ ટકાવારીના આધારે ૪૦ ના વેઇટેજ મુજબ ગુણ ફાળવવા | મેળવેલ ટકા × ૪૦ / ૧૦૦ |
| (૨) | કાયદા અનુસ્નાતક / પી.એચ.ડી. (કાયદા સ્નાતક કરતા વધારાની લાયકાત માટે) જે લાયકાતમાં વધુ ટકાવારી હોય તે મેળવેલ ટકાવારીના આધારે ૧૫ ના વેઇટેજ મુજબ ગુણ ફાળવવા | મેળવેલ ટકા × ૧૫ / ૧૦૦ |
| (3) | એક વર્ષના અનુભવ માટે ૦૧ ગુણ લેખે (મહત્તમ 30 ગુણની મર્યાદામાં તેમજ અપુર્ણાંકના કિસ્સામાં ૬ માસથી વધુ હોય તો ગુણ ફાળવવો) અનુભવ બાબતે હાઇકોર્ટ કે તેથી ઉપરની કોર્ટમાં ધારાશાસ્ત્રી તરીકેનો એટલે કે વકીલાતનો પ્રત્યક્ષ અનુભવ જ ધ્યાને લેવામાં આવશે તેમજ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી તારીખથી અનુભવની ગણતરી કરવામાં આવશે. | મહત્તમ 30 ની મર્યાદામાં |
| (૪) | મૌખિક ઇન્ટરવ્યુ (તેમાં પર્સનાલીટી, સર્વિસ મેટર, અનુ. જાતિઓ માટેના કાયદા ખાસ કરીને અત્યાચાર નિવારણ અંતર્ગતના કાયદાઓની જાણકારી, અનુ. જાતિના જાતિ પ્રમાણપત્રો બાબતની જાણકારી વગેરે બાબતોનો સમાવેશ મુખ્યત્વે કરવામાં આવશે) | ૧૫ |
| | કુલ | ૧૦૦ |

# નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## કાયદા સલાહકારની કરાર આધારિત જગ્યા માટેનું અરજી ફોર્મ

તાજેતરમાં
પડાવેલ પાસપોર્ટ
સાઇઝનો ફોટો

| | | | |
|---|---|---|---|
| ૧. | પુરેપુરૂ નામ :-<br>(અટક પ્રથમ લખવી) | | |
| ૨. | પત્ર વ્યવહારનું સરનામું :-<br>(ગુજરાતીમાં) | | |
| ૩. | મોબાઇલ નંબર :- | | |
| ૪. | ઇ-મેઇલ આઇ.ડી.:- | | |
| ૫. | ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર :-<br>બેંકનું નામ / શાખા :- | | |
| ૬. | રાષ્ટ્રીયતા :- | | |
| ૭. | જન્મ તારીખ:-<br>(એલ.સી.મુજબ) | | |
| ૮. | અરજી કરવાની છેલ્લી તારીખ તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ<br>ઉંમર :- ____વર્ષ _____માસ _____ દિવસ | | |
| ૯. | જાતિ (Gender) :- | | |
| ૧૦. | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતનો નોંધણી નંબર/સનદ નંબર:- | | |
| ૧૧. | જાતિ (Caste):- | દિવ્યાંગતા-(૪૦ ટકા કે તેથી વધુ) (OL, BL, OAL, B, LV) | EX. Serviceman |
| | | | |

## ૧૨. શૈક્ષણિક લાયકાત (Educational Qualification)

| No | Name of degree | Board / University | Year of Passing | Percentage (in case of SGPA/CGPA) convert into percentage as per relevant university norms) | Number of trial | Remarks |
|---|---|---|---|---|---|---|
| 1 | Gradute degree in Law | | | | | |
| 2 | Master Degree in Law | | | | | |
| 3 | Ph.D in Law | | | | | |
| 4 | CCC/CCC+ detail | | | | | |

## ૧૩. અનુભવ (Experience) (મેરીટ પધ્ધતિના મુદ્દા-૩ મુજબનો અનુભવ દર્શાવવો)

| | Name of Court | Period | | Remarks |
|---|---|---|---|---|
| | | From | To | |
| 1 | | | | |
| 2 | | | | |
| 3 | | | | |
| 4 | | | | |
| 5 | | | | |

૧૪. ઉમેદવાર સામે જો કોઇ પોલીસ કાર્યવાહી/કાયદાકીય કાર્યવાહી ચાલુ હોય તો તે અંગેની વિગતઃ-

૧૫. ઉમેદવાર દ્વારા જાહેર કરવાની અન્ય કોઇ અગત્યની વિગતઃ-

ઉપર દર્શાવેલ તમામ વિગતો સાચી છે અને મેં જાતે માહિતી ભરેલ છે. તેમાં દર્શાવેલ માહિતી અપુર્ણ / ખોટી હોવાના કારણે હું ગેરલાયક ઠરું તો ઉમેદવારી માટેનો હક દાવો ગુમાવીશ અને તેની અંગત જવાબદારી મારી પોતાની રહેશે. તેની હું લેખિત ખાતરી આપું છું.

તારીખ –

સ્થળ-

(ઉમેદવારની સહી)

► ઉમેદવારે અરજી સાથે અરજીમાં દર્શાવેલ તમામ પ્રમાણપત્રોની જાતે પ્રમાણિત (સ્વ-પ્રમાણિત) કરેલ ઝેરોક્ષ બે નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે.

| | |
|---|---|
| ૧) | રૂ.૨૫૦/ નો ડીમાન્ડ ડ્રાફ્ટ (અસલમાં) |
| ૨) | કાયદા સ્નાતકના અંતિમ વર્ષનું ગુણપત્રક તથા ડીગ્રી પ્રમાણપત્ર |
| ૩) | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી અંગેનું પ્રમાણપત્ર તથા અનુભવના પ્રમાણપત્રો. |
| ૪) | કાયદા અનુ સ્નાતકના અંતિમ વર્ષનું ગુણપત્રક તથા ડીગ્રી પ્રમાણપત્ર |
| ૫) | પી.એચ.ડી. ગુણપત્રક તથા ડીગ્રી પ્રમાણપત્ર |
| ૬) | જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા એસ.એસ.સી.ઇ. બોર્ડ અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. |
| ૭) | મહિલા ઉમેદવારના કિસ્સામાં અરજીપત્રકમાં પતિનું નામ દર્શાવેલ હોય તો લગ્નના પુરાવા અંગેની ગેઝેટની નકલ / લગ્ન નોંધણી પ્રમાણપત્ર અથવા એફીડેવીટ. |
| ૮) | કોમ્પ્યુટરની સીસીસી અંગેની જાણકારી અંગેનું પ્રમાણપત્ર અથવા સરકારશ્રી દ્વારા માન્ય સમકક્ષ કોર્સનું સરકાર માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર. |
| ૯) | ચુંટણી કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાન કાર્ડ કે અન્ય કોઇ એક ફોટાવાળા ઓળખપત્રની નકલ. |